સુમુલ
શુદ્ધતાની પરંપરા

# સુમુલ સૌનું

Amul
The Taste of India

www.sumul.com Sumuldairy @SumulRoot SumulDairy

અંક - ૬૭ જુલાઈ - ૨૦૨૬

## ''જળ એજ જીવન''

આપ સૌના સહયોગથી સુમુલ ડેરીએ પાણી સંરક્ષણ ક્ષેત્રે એક નવી ઓળખ ઉભી કરી છે. અત્યાર સુધીમાં જિલ્લાની વિવિધ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ ખાતે ૧૦૦ વરસાદી પાણી સંચય (Rainwater Harvesting) સિસ્ટમોનું સફળતાપૂવક સ્થાપન પૂર્ણ કરવામાં આવ્યું છે અને હવે વધુ ૧૦૦ નવી સિસ્ટમોના અમલીકરણનું કાર્ય પ્રગતિમાં હોવાથી કુલ ૨૦૦ રેઈનવોટર હાર્વેસ્ટિગ સિસ્ટમો સ્થાપિત કરવાનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. પાણી સંરક્ષણ માટેના આ નોંધપાત્ર પ્રયાસોને કારણે સુમુલ ડેરીને International Water Credit પ્રાપ્ત થયું છે તેમજ આ પહેલને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિશેષ માલ્યતા અને પ્રશેસા મળી છે. આપ સૌ જાણો છો તેમ આપણે ખતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છીએ અને આપણો સમગ્ર વ્યવસાય સહકારી ભાવનાના પાયા પર વિકસ્યો છે. છતા આજના સમયમાં પાણીની અછત અને તેની ગુણવત્તામાં થતા ઘટાડાને ધ્યાનમાં રાખતાં પાણીનું સંરક્ષણ અને કાર્યક્ષમ ઉપયોગ સમયની સૌથી મોટી જરૂરીયાત બની ગયો છે. તેથી સુમુલ ડેરી આપ સૌના સહયોગથી પાણી બચાવો, પાણી સંગ્રહો અને પાણીનું સંવર્ધન કરો તે દિશામાં સતત કાર્યરત છે.

### હાલની સમસ્યાઓ.

આ યોજનાનો હેતુ દરરોજના કાર્યને સરળ બનાવવા અને મંડળીને જમીનના પાણીના સ્તર સુધારવામાં સહાય કરવાનું છે. હાલમાં નીચેની સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

- ઉનાળા દરમિયાન બોરવેલમાંથી પૂરતું પાણી ઉપલબ્ધ નથી હોતું.
- કેટલીક જગ્યાએ બોરવેલના પાણીમાં ટીડીએસ ની માત્રા ઊંચી હોય છે.
- ટાંકી અને લાઈનની સફાઈ માટે વધારે પાણીની જરૂરીયાત પડે છે.
- પાણીની ગુણવત્તા સારી ન હોવાને કારણે દૂધની ગુણવત્તા પર અસર પડે છે.
- પાણીની અછતને કારણે ટેન્કર દ્વારા પાણી મંગાવવાથી આર્થિક બોજ વધે છે.

સુમુલ
જળ સંચય યોજના

વિશ્વ આખું આવી જ સમસ્યાનો સામનો કરી રહી છે ત્યારે એક સિધ્ધાંત આપનાવીએ સૃષ્ટિ પાસેથી જેટલું લઈએ તેટલુ સૃષ્ટી ને પરત પણ આપી એ તો અછત માંથી આપણે બહાર આવી શકીએ.

આપણા વ્યવસાયનો મુખ્ય આધાર પાણી છે. અરે વ્યવસાયતો કઈ જ નથી પણ આપણા સમગ્ર જીવ સૃષ્ટીનો આધાર પાણી છે ત્યારે પાણીનો, બચાવ કરકસર ભર્યો ઉપયોગ સાથે સાથે પાણીની ગુણવત્તામાં સુધારો લાવવો તેમા સ્ત્રોતો છે તેને મજબુત કરવા અને પાણીનો વધુમાં વધુ સંગ્રહ થાય પાણીના સ્તર ઊંચા આવે એવા ઘણા પ્રયત્નો કરી શકાય.

### જળ સંચય માટે સંપર્ક કરો

**(૧) શ્રી રાજેસ સી. પટેલ / ૯૯૭૯૮ ૮૦૫૦ (૨) શ્રી હર્ષ એમ. ઠક્કર / ૭૦૧૬૯ ૪૮૩૦૩**
**(3) તમારા ઝોન માં આવેલ સુપરવાઈઝર**

આપણી સરકારી સંસ્થા દ્વારા સૌ સાથે મળી ને તે માટે એક સંચય થાય તે માટે એક કાર્ય ઉપાડયું છે

તો તેવા કાર્યમાં આપ સૌ પણ સાથે સહભાગીદારી નોંધાવો એવા આશયથી હાલમાં સુમુલ ડેરી જળ સંચય યોજના અમલમાં મુકેલ છે. આ યોજના આત્મનિર્ભરની સમગ્ર માહિતીનો ઉપયોગ કરી અને સહીયારા પ્રયત્નોથી પાણીની સમસ્યાને પહોંચી વળવા માટેની તૈયારી કરીએ.

સામાન્ય રીતે વિશ્વના કુલ ક્ષેત્રફળમાં ત્રણ ભાગમાં પાણી છે અને એક ભાગ જમીન નો છે, પરંતુ સારા અને ગુણવત્તા યુકત પાણીના અભાવે આપણે અનેક સમસ્યાઓના સામનો કરી રહયા છે.

પાણી માટેનો સૌથી અગત્યનો સ્ત્રોત વરસાદ છે. અને વરસાદના પાણી જમીનમાં ઉતરે તે આપણો સૌ બોર, કુવા, હેન્ડપંપ વગેરે દ્વારા પાછા ઉપયોગમાં લઈએ છીએ. પરંતુ જયારે વરસાદ પડે ત્યારે તે પાણી ઝડપથી નીચાણવાળા ભાગે જઈ નદી દ્વારા સમુદ્રમાં જતુ રહે છે. જેથી જમીનમાં જોઈએ તેટલું ઉતરતું નથી જેના કારણે કુવા, બોર, હેન્ડપંપ વગેરેમાં અમુક સમય પછી નો

પાણી માટેનો સૌથી અગત્યનો સ્ત્રોત વરસાદ છે. અને વરસાદના પાણી જમીનમાં ઉતરે તે આપણો સૌ બોર, કુવા, હેન્ડપંપ વગેરે દ્વારા પાછા ઉપયોગમાં લઈએ છીએ. પરંતુ જયારે વરસાદ પડે ત્યારે તે પાણી ઝડપથી નીચાણવાળા ભાગે જઈ નદી દ્વારા સમુદ્રમાં જતુ રહે છે. જેથી જમીનમાં જોઈએ તેટલું ઉતરતું નથી જેના કારણે કુવા, બોર, હેન્ડપંપ વગેરેમાં અમુક સમય પછી નો અભાવ વર્તાય છે. અને ખરેખર આપણને વધારે જરૂર હોય ત્યારે મળતું નથી તો આપણે સૌ ભેગા મળી દૂધ મંડળી, ગ્રામ પંચાયત, સેવા સમિતિ વગેરે સમસ્ત ગામ લોકો ભેગા મળી, સુમુલની, સરકારની કે જીલ્લા પંચાયતની વિવિધ યોજના નો લાભ લઈ ચેકડેમ, કુવા, બોર, હેન્ટપંપ રિચાર્જ થાય તેવી વોટર હોવેસ્ટીંગની કામગીરી કરી " ગામનું પાણી ગામમાં " રહે તેવી વિવિધ કામગીરી સમગ્ર જીવ સૃષ્ટીને મદદ રૂપ થઈએ અને આપણી ભવિષ્યની પેઢી માટે ખુબ ઉત્તમ કાર્ય કરીએ તો આપણે સૌ વોટર હોર્વેસ્ટીંગ એટલે શું અને તેના ફાયદાઓ વિશે જાણીએ.

## જળ સંચય

જળ સંચય એટલે છત તેમજ જમીન જેવી વિવિધ સપાટી ઓ માંથી વરસાદી પાણીને વહી જતું અટકાવી પાણીનો હેતુ પૂર્વક સંગ્રહ. આ પદ્ધતિ દ્વારા શુદ્ધ પાણી મેળવી શકાય છે, અને તેનો સંગ્રહ કરી ભવિષ્યમાં ઉપયોગ કરી શકાએ છે.

### જળ સંચય ને અસર કરતા પરીબળો

- વરસાદની માત્રા
- જમીનનો પ્રકાર
- વરસાદી પાણીના સંચય માટેનો વિસ્તાર
- પાણીનો વપરાશ
- જળ સંચય માટેનો ખર્ચ
- જન ભાગીદારી

### જળ સંચય શા માટે જરૂરી ?

- પાણીને શકય એટલું જમીનમાં ઉતારી ભુગર્ભજળનું સ્તર ઊચું લાવી શકાય છે.
- વરસાદી પાણીના રીચાર્જથી ભુગર્ભજળની ખારાશ અને ટી.ડી.એસ. ઓછી કરી પાણી પીવાલાયક બનાવી શકાય છે.

- પર્યાવરણના પાણીનું રક્ષણ, બચાવ, અને સિંચન થકી પૃથ્વી અને પર્યાવરણ નું જતન કરી શકાય છે.
- વરસાદના પાણીનો બગાડ થતો અને દરીયામાં જતું અટકાવી શકાય છે.
- અમૃતતુલ્ય પાણીનો બેફામ બગાડ અટકાવી શકાય છે.

## જળ સંચય પધ્ધતિ

આ યોજનામાં મંડળી ની છત પરથી પડેલા વરસાદના પાણીનું સંચય કરીને તેને બોરવેલ સાથે જોડવામાં આવશે અથવા પાણીની સ્ટોરેજ ટાંકી, કુવામાં પાણી સંચય માટેની વ્યવસ્થા કરવામાં આવશે.

લાભાર્થીઓ :- સુમુલ ડેરીના કાર્ય વિસ્તાર હેઠળ આવતી તમામ દૂધ મંડળીઓ તથા તેના સભાસદો આ યોજનાનો લાભ મેળવી શકશે.

## આ યોજનાના ફાયદા

- પાણીની ગુણવત્તા અને ઉપલબ્ધતા સુધારી શકાય છે.
- આ યોજના દ્વારા સમુદાયને પાણી સંરક્ષણમાં સક્રિય ભાગીદારી માટે પ્રાત્સાહિત કરવામાં આવશે, જેનાથી સ્થાનિક લોકોના સશકિતકરણ માં મદદ મળશે. તે સાથે, યોજના દ્વારા સ્થાનિક સ્તરે પાણીના પુરવઠાની સુવિધાઓ સુધારાઈને આર્થિક વિકાસ માટે દિશા આપશે.
- ટકાઉ વિકાસ માટે તેવા મોડેલને પ્રાત્સાહિત કરવું, જે અન્ય વિસ્તારોમાં પણ અનુકૂળ રીતે અમલમાં મૂકી શકાય.
- પાણી સંરક્ષણ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવી, તેની ઉપયોગિતાને વધુ વ્યાપક બનાવવી.
- દા.ત જો મંડળી અથવા સભાસદ પાસે જો ૧૦૦૦ ચો. ફુટનું છત વિસ્તાર હોય અને સુરત-તાપી જિલ્લા માં સરેરાશ ૧૫૦૦ મિ.મી. વાર્ષિક (ડેટા ના આધારે) વરસાદ પડે છે, તો અંદાજપૂર્વક વાર્ષિક ૧,૧૧,૦૦૦ લિટર પાણી જમીનમાં ઉતારી શકાય છે.

## જળ સંચય પધ્ધતિ : છત પરથી સંગ્રહની અસરકારક રીત

### છત પરથી વરસાદી પાણીનો સંગ્રહ

વરસાદી પાણીનો સદુપયોગ કરીને જમીનગત જળસ્તર વધારવા માટે છત પરથી વરસાદી પાણી નો સંગ્રહ એ એક અસરકારક પદ્ધતિ છે. દૂધ મંડળી સ્તરે આ સિસ્ટમ અપનાવવાથી બોરવેલ, કૂવા કે અંડરગ્રાઉન્ડ ટેન્ક જેવી પાણીની સ્ત્રોતો ના લાંબા ગાળે ટકાવી શકાય છે.



## સિસ્ટમના મુખ્ય ઘટકો :



- છત પરથી પાણી લાવવા પાઈપલાઈન
- પ્રાથમિક ફિલ્ટર(પાંદડા, ધૂળ અટકાવવા માટે)
- બાયપાસ વાલ્વ (શરૂઆતનું ગંદુ પાણી બહાર કાઢવા)
- બોરવેલ, કૂવો અથવા અંડરગ્રાઉન્ડ ટેન્ક

## ખાસ સૂચનાઓ (વરસાદ શરૂ થવા પૂર્વે) :

**૧. છત સારી રીતે સાફ કરો**

- છત પર પાંદડા, ધૂળ કે કચરો હોય તે દૂર કરવા, જેથી પાણી વહેવાની લાઈન કે ફિલ્ટર જામ ન થાય.

**૨. ફિલ્ટરની સફાઈ કરો**

- અગાઉથી ફિલ્ટર ચેમ્બરની સફાઈ કરવી જેથી પ્રવાહ નિયમિત રહી શકે.

**૩. પ્રારંભિક વરસાદ માટે બયપાસ વાલ્વ ખોલો**

- જેથી પહેલી ૧૫ થી ૨૦ મિનિટ સુધીનું ગંદુ પાણી બાયપાસ દ્વારા બહાર નીકળી જાય.

**૪. બાદમાં વાલ્વ બંધ કરો અને શુદ્ધ પાણી સિસ્ટમમાં જવા દો**

- ત્યારબાદ શુદ્ધ થયેલ વરસાદી પાણી ફિલ્ટર થકી બોરવેલ અંદરગ્રાઉન્ડ ટેન્ક અથવા કૂવામાં જવા દો.

## લાભ :



- જમીનગત જળ સ્તરમાં વધારો થાય.
- પાણીની ગુણવત્તામાં સુધારો થાય.
- પાણી સંરક્ષણ અંગે જાગૃતિ વધે.
- એક આદર્શ મોડલ ઉભો કરીને અન્ય વિસ્તારોમાં પણ અનુસરણ કરવાનું શકય બને.







**આ જળ સંચય પધ્ધતિ વર્ષો સુધી પાણી સુરક્ષાનું એક મજબુત પગથિયું બની શકે છે.**